# આજથી અમુલના દૂધમાં લિટરે બે રૂપિયાનો વધારો

**મધ્યમ વર્ગને વધુ એક ભાવ વધારાનો આંચકો : અમૂલની ગોલ્ડ, તાજા, શક્તિ, ગાયના દૂધ સહિતની બ્રાન્ડ માટે ૫૦૦ મિલી પાઉચ માટે ૧ રુપિયો વધુ ચૂકવવો પડશે**

અમદાવાદ, તા. ૩૦

એક તરફ ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલના ભાવો સેન્ચ્યુરી મારવાની તૈયારીમાં છે, ત્યારે મહિનાના છેલ્લા દિવસે અમૂલે પણ દૂધના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી મધ્યમ વર્ગને આંચકો આપ્યો છે. અમૂલ દ્વારા પોતાના દૂધની કિંમતમાં પ્રતિ લિટર બે રુપિયાનો વધારો કરવામાં આવ્યો છે, જે આવતીકાલથી એટલે કે ૧ જૂલાઈથી લાગુ પડી જશે. આમ, આવતીકાલથી અમૂલની ગોલ્ડ, તાજા, શક્તિ, ગાયના દૂધ સહિતની તમામ બ્રાન્ડ માટે ૫૦૦ મિલીના પાઉચ માટે ૧ રુપિયો વધારે ચૂકવવો પડશે. છેલ્લા ઘણા સમયથી દૂધના ભાવોમાં કોઈ વધારો નહોતો કરવામાં આવ્યો હતો. જોકે, હવે પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં થયેલા સતત વધારાને કારણે ટ્રાન્સપોર્ટેશન મોંઘું થતાં તેમજ અન્ય ખર્ચ પણ વધી જતાં અમૂલે દૂધના ભાવ વધાર્યા છે. તાજેતરમાં જ સુરતમાં દૂધના ભાવોમાં વધારો કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં પાઉચમાં વેચાતા દૂધનું મોટાભાગનું માર્કેટ અમૂલ પાસે છે. આમ, આવતીકાલથી જ લોકોને દૂધ માટે વધારે રુપિયા ચૂકવવા પડશે. દૂધના ભાવોના વધારા બાદ અમૂલની અન્ય પ્રોડક્ટ્સની કિંમતોમાં પણ વધારો થાય તો નવાઈ નહીં. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ અમૂલ બ્રાંડના નામે દૂધ તેમજ ડેરી પ્રોડક્ટ્સનું વેચાણ કરે છે. કંપની ૨૦૨૪-૨૫ સુધીમાં પોતાનું કુલ વેચાણ ૧ લાખ કરોડ રુપિયા સુધી લઈ જવાનો પ્લાન ધરાવે છે. તેની ગણના દુનિયાના ટોચના દસ ડેરી ઓર્ગેનાઈઝેશનમાં થાય છે, અને તેનો ટાર્ગેટ ટોપ થ્રીમાં સામેલ થવાનો છે.

# શિક્ષકો સમાજના નિર્માતા તરીકે ગૌરવ અનુભવી પોતાની જાતને સાબિત કરે : રાજ્યપાલશ્રી

**રાષ્ટ્રના વિકાસમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની જ ભૂમિકા ચાવીરૂપ : ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા : ગાંધીનગર ખાતે આઇઆઇટીઇનો અગિયારમો સ્થાપના દિન ઉજવાયો**

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન ગાંધીનગરના અગિયારમાં સ્થાપના દિને શુભેચ્છા પાઠવતા જણાવ્યુ હતું ભારતીય શિક્ષણ પ્રશિક્ષક સંસ્થા શિક્ષકોના નિર્માણનું પવિત્ર ઋષિ કાર્ય કરી રહી છે. જે વ્યક્તિ માનવ નિર્માણની જવાબદારી પોતાના શિર ઉપર લે છે તે જ આચાર્ય અર્થાત શિક્ષક છે. શિક્ષકો માનવ નિર્માણના આરાધક છે. દરેક વ્યક્તિના જીવનમાં ત્રણ ગુરૂ મહત્વના છે. માતા-પિતા અને આચાર્ય. આ ત્રણેય ગુરૂ વ્યક્તિને મહાન બનાવે છે. આ સંસ્થા શિક્ષકોના ઘડતરનું કાર્ય કરે છે. એટલે જ આ સંસ્થાનું મહત્વ આપો આપ વધી જાય છે. શ્રેષ્ઠ શિક્ષકો શ્રેષ્ઠ સમાજનું નિર્માણ કરી શકે છે. તેમણે જણાવ્યુ હતું કે મનુષ્ય નિર્માણનું કાર્ય અત્યંત મુશ્કેલ છે છતા અતિ આવશ્યક છે. આ કાર્ય શિક્ષકોનું છે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ

ચૂડાસમાએ આઇઆઇટીઇના અગિયારમાં સ્થાપનાદિન નિમિત્તે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપતા કહ્યુ હતુ કે, આઇઆઇટીઇએ ખૂબ જ ટૂંકાગાળામાં—આકાશને આંબવાનો પ્રયત્ન કર્યો છે. અનુશાસન અને ગુણવત્તા જેવા ગુણોના સિંચન થકી એક આદર્શ વ્યક્તિનું નિર્માણ થઇ શકે છે. આ ગુણોનું સિંચન વ્યક્તિમાં બાળપણથી જ થવું જોઇએ અને તેની જવાબદારી શિક્ષકોના શિરે છે ત્યારે આવુ શિંક્ષણ-પ્રશિક્ષણ આપવાનું કાર્ય સમયબદ્ધ રીતે વિવિધ કાર્યક્રમો થકી આઇઆઇટીઇ કરી રહ્યુ છે. સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ જ ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે તેમ છે ત્યારે વિશ્વ વિદ્યાલયો આ ક્ષેત્રે પ્રાધાન્ય આપે તે જરૂરી છે.

શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ જણાવ્યુ હતુ કે, આ યુનિવર્સિટીની સ્થાપના માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું એક વિઝન હતું કે, વિદ્યાર્થી સ્નાતકનું શિક્ષણ શરૂ કરે ત્યારથી જ શિક્ષક બનવાની સાધના શરૂ કરે. જેનાથી શિક્ષકોમાં ગુણવત્તાનું નિર્માણ થશે. તેમણે ચાણક્ય પુરસ્કાર વિજેતા અને નિવૃત થતાં શિક્ષક પ્રશિક્ષકોને અભિનંદન પાઠવતા જણાવ્યુ હતુ કે શિક્ષકો આખી પેઢીનું ઘડતર કરવાનું રાષ્ટ્ર નિર્માણનું ઋષિ કાર્ય કરી રહ્યા છે ત્યારે શિક્ષકો ગુણવત્તાલક્ષી બને તે ખાસ જરૂરી છે.

આ પ્રસંગે આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ ડૉ હર્ષદ પટેલે રાજ્યપાલ, શિક્ષણ મંત્રીશ્રી તથા મહેમાનો અને ઉપસ્થિત નિવૃત્ત અધ્યાપકોને આવકારતા જણાવ્યું હતું કે આઈ.આઈ.ટી.ઈ માં 'થીંક ગ્લોબલ, એક્ટ ગ્લોબલ'ના વિચાર સાથે શિક્ષક પ્રશિક્ષણની પ્રવૃત્તિ કરવામાં આવે છે. દર વર્ષે યુનિવર્સીટી દ્વારા સુદ્રઢ અને ગુણવત્તાયુકત શિક્ષણ આપવાની દિશામાં સંકલ્પ લેવામાં આવે છે અને સમયબદ્ધ આ સંકલ્પોને સિદ્ધ પણ કરવામાં આવે છે. આ પ્રસંગે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર શ્રી હિમાંશુ પટેલ, યુનિવર્સિટીના અધ્યાપકો તથા વિષય નિષ્ણાતો અને ભૂતપૂર્વ શિક્ષણગણ સહીત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આંગણવાડીના ૫૩ હજાર બાળકોને ગણવેશ આપી ગુજરાતે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

ગાંધીનગર, તા.૩૦

વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન તરફથી વર્લ્ડ રેકોર્ડ પ્રમાણપત્ર

મેળવવાનો કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યની ૫૩,૦૨૯ આંગણવાડીઓના નાના ભુલકાઓને આ યુનિફોર્મથી આગવી ઓળખ મળશે. કોરોનાકાળ દરમ્યાન રાજ્યના ૩ થી ૬ વર્ષના ૧૬ લાખ જેટલા ભુલકાઓને પોષણક્ષમ આહાર માટે દર અઠવાડિયે ૧ કિલો ગ્રામ સુખડી આપવાની પહેલ ગુજરાતે કરી છે. કોરોના સંક્રમણકાળમાં મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત 'હેન્ડ વોશ' કેમ્પઇનમાં એક સાથે પાંચ લાખ બહેનોએ પાંચ હજાર સ્થળોએ જોડાઈને નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

મુખ્યમંત્રી વિજય રૂપાણી, કેબિનેટ મંત્રી ગણપત વસાવા અને રાજ્ય કક્ષાના મંત્રી વિભાવરીબેન દવે ને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

યુરોપના પ્રેસિડેન્ટ વિલિયમ ઝેચલર, ભારતના પ્રેસિડેન્ટ સંતોષ શુક્લ, વાઇસ પ્રેસિડેન્ટ દિવ્ય ત્રિવેદી, ગુજરાતના પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા અગ્રણીઓનું સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

## મણિયોર ગામનું ગૌરવ

નેત્રામલી:

ઈડર તાલુકાના મણિયોર ગામના વતની વર્મો વસંતચંદ્ર કુશાલભાઈ ની સાબરકાંઠા જિલ્લામાં અ.જા મોરચા, ભાજપમાં ઉપપ્રમુખ તરીકે ની પસંદગી કરવામાં આવતાં ગ્રામજનો વતી ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# રાજ્યમાં કોરોના વેકસીનેશનનો પહેલો ડોઝ મેળવનારા લોકોની સંખ્યા બે કરોડે પહોચી

**રસીકરણ પાત્રતા ધરાવતા ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર લોકોમાંથી ૪૧ ટકા - ૨ કરોડ ૬૧ હજાર લોકોને પ્રથમ ડોઝ અપાઇ ગયો**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં કોરોના વેકસીનેશનની સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા દરમ્યાન આ વિગતો આપવામાં આવી હતી.

સમગ્રતયા રાજ્યમાં ૩૦મી જૂનના દિવસે ૨ લાખ ૮૪ હજાર ૧૨૫ લોકોને કોરોના રસીથી સાંકળી લેવામાં આવ્યા છે. આમ, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાદર્શનમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સૌ કર્મીઓએ લોકોને કોરોના વેકસીનેશન આપવા માટે આદરેલી ઝૂંબેશના પરિણામે ૩૦મી જૂન સુધીમાં ૨ કરોડ ૫૬ લાખ ૭૭ હજાર ૯૯૧ લોકોનું રસીકરણ સંપન્ન થયું છે.

## વેપારીઓ માટે વેક્સિનેશન માટે મુદ્દત લંબાવાઈ

રાજ્યમાં વેપારી એકમો, વાણિજ્યિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ જેના કર્મચારીઓ માટે કોરોના વેકસીનેસન ફરજિયાત બનાવવામાં આવી છે તેની સમય મર્યાદા હવે ૧૦ જુલાઈ ૨૦૨૧ સુધી લંબાવવા માં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણી ના અધ્યક્ષ સ્થાને મળેલી કોર કમિટી માં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાતમાં ૩૦મી જૂન સુધીમાં જે ૨ કરોડ ૬૧ હજાર ૨૫૫ લોકોને પ્રથમ ડોઝ અપાયો છે તેમાં ૧૯,૬૩,૦૫૮ હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર, ૪૫ થી વધુ વયના ૧,૦૮,૨૯,૪૫૨ તેમજ ૧૮ થી ૪૪ વયજૂથના ૭૨,૬૮,૪૭૫ લોકોનો સમાવેશ થાય છે.

કોર કિમટીની આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મૂકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ગૃહના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, આરોગ્ય અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજ પોલીસ મથકમાંથી મોબાઈલ ચોરીના ગુનાનો આરોપી નજર ચુકવી ફરાર

અડાલજ મહારાજા હોટલ સામે માર્ગ પર બાઈક લઈને આવેલા શખ્સોએ ઉભા રહેલા મહિલાના હાથમાંથી સેમસંગ કંપનીનો એ.એસ.૨૧ મોડલનો મોબાઈલ ફોન ઝુંટવી નાસી છુટ્યા હતા. અડાલજ પોલીસ મથકે મોબાઈલ ચોરીની ફરીયાદ નોંધાતા પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો.ત્યારે રાત્રીના સમયે આરોપી જમવા માટે બેઠો હતો અને અધિકારી-કર્મચારીઓ કામ કરી રહ્યા હતા તે સમયે આરોપી પોલીસની નજર ચુકવી ભાગી ગયો છે. પોલીસ કસ્ટડીમાંથી આરોપી ભાગી જતા પોલીસ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ આરોપી મળી આવ્યો ન હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પીએસઆઈ એ.જે.સોલંકી તેમજ હેકો.ધવલસિંહ ગુનાની તપાસમાં મદદમાં હતા અને મોબાઈલ ચોરીના ગુનામાં ઝડપાયેલા આરોપી ભરતભાઈ જેમતુજી ઉર્ફે જયંતિજી ઠાકોર (ઉં.૨૪ રહે.તેરવાડા નર્મદા કેનાલ બાજુમાં વાલજી ધમાજી ઠાકોરના ખેતરમાં તા.કાંકરેજ જી બનાસકાંઠા મુળ રહે ખડોસણ ગામ તા.ભાભર) ની તપાસઅર્થે ટાઉનબીટમાં બેસાડી પુછતાછ ચાલી રહી હતી. તે દરમિયાન સાંજનું જમવાનું આવતા તેને જમવાનું કહ્યું હતું. તે સમયે તે ટાઉનબીટમાં કર્મચારીઓની સમક્ષ જમી રહ્યો હતો. તે સમયે પોલીસ મથકમાં કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કોમ્પ્યુટરનું પ્રિન્ટર ટેબલના નીચે હોવાથી તે પ્રિન્ટરમાં પ્રિન્ટની કોપી લેવા નીચે નમ્યો હતો. તે સમયે આરોપી અમારી બંન્નેની નજર ચુકવી ટાઉનબીટમાંથી રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં નીકળી ગયો હતો. જેથી પોલીસના જવાનો લોકઅપ તેમજ ટાઉનબીટની બહાર પોલીસ મથકના કંમ્પાઉન્ડ અને બહાર માર્ગ પર આરોપીની તપાસ કરતા તે મળી આવ્યો ન હતો. તે ઉપરાત કેનાલ તેમજ મહારાજા હોટલ સહિત મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડ સહિતના વિસ્તાર પોલીસ ખુંદી વળી હતી તેમ છતા આરોપી મળી આવ્યો ન હતો. જેથી પોલીસે આરોપી કાયદેસરની પોલીસ કસ્ટડીમાંથી પોલીસની નજર ચુકવી ભાગી જતા તેની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરના રિવરફ્રન્ટ ઉપર કલાકૃતિઓનું પ્રદર્શન

હિંમતનગર શહેર ની મધ્યમા આવેલ કેશવ કેનાલફ્રન્ટની સુંદરતામા વધારો થાય તે માટે હિંમતનગર નગરપાલિકા દ્વારા બગીચા ના મુખ્ય દરવાજા તેમજ તેની આસપાસ ની દિવાલો પર આપણી ભારતીય સંસ્કૃતીની કલાકૃતિઓ દર્શાવવામા આવી છે.

## બેંક મેનેજર દ્વારા જન્મદિવસની અનોખી ઉજવણી

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક, સેક્ટર ૭ ડી, ગાંધીનગરના બ્રાન્ચ મેનેજર તથા જીવદયા પ્રેમી પ્રદીપ સોલંકીના જન્મદિવસની ઉજવણીના ભાગરુપે તેઓ દ્વારા તેમની શાખાના ૧૦૦(એકસો) ગ્રાહકોનો પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના અંતર્ગત પ્રદીપભાઈ એ તેમના સ્વખર્ચે વિમો ઉતરાવી ને જન્મ દિવસ ની અનોખી ઉજવણી કરેલ છે. આગામી દસ વર્ષ સુધી સદર વિમા પ્રિમીયમ ની રકમ ની વાર્ષિક ચુકવણી પ્રદીપભાઈ તેમના પોતાના ખર્ચે જ કરશે. આ અનોખા સેવાયજ્ઞને સ્ટાફ મેમ્બર રિપલબેન તથા માયાબહેન પાઠક સહીત સમગ્ર સ્ટાફ દ્વારા ઉત્સાહપૂર્વક સફળ બનાવવામાં આવ્યો હતો.

# અરવલ્લી જિલ્લાની તમામ શાળાને તમાકુ મુક્ત શાળા કરવા વેબીનાર યોજાયો

બાયડ તા.૩૦

ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વેના અહેવાલ મુજબ. ૧૪.૬ટકા વિધાર્થીઓ હાલમાં તમાકુનું કોઈપણ સ્વરૂપે ઉપયોગ કરે છે. ૪.૪% હાલમાં સિગારેટ પીવે છે: ૧૨.૫% હાલમાં કેટલાક અન્ય તમાકુના સ્વરૂપનો ઉપયોગ કરે છે .

તમાકુના કારણે ૧૩.૫ લાખ લોકો દર વર્ષ મુત્યુ પામે છે. ધૂમપાન વિના તમાકુ , પાન મસાલા અને માવા ઉત્પાદનોનો ઉપયોગ કેન્સર , કોડિયો-વેસ્કયુલર રોગો અને અન્ય નોન – કમ્યુનિકેબલ રોગો (એનસીડી) નું કારણ બને છે , જ્યારે ધૂમ્રપાન વિના તમાકુ, પાન મસાલા અને તેના જેના ઉત્પાદનોના થૂંકવાના કારણે જાહેર સ્થળે ક્ષય રોગ, હેપેટાઈટિસ , ઈન્ફ્લ્યુએન્ઝા, સ્વાઈન ફ્લૂ , ન્યુમોનિયા , ગેસ્ટ્રો – આતરડા ના રોગો , કોરોના વાઈરસ (COVID-19)જેવા જીવન માટે જોખમી ચેપી રોગો ફેલાય છે. પરિણામે જાહેર ઉપર્ધ્વ થાય છે.

જે અંતર્ગત જિલ્લા શિક્ષણ વિભાગ, જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ – અરવલ્લી અને ફેઈથ ફાઉન્ડેશન વડોદરાના સંયુક્ત ઉપક્રમે અરવલ્લી જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થામાં "Tobacco Free Educational Institution" નું અમલીકરણ થાય અને તમાકુ મુક્ત શાળા બને તે માટે આજરોજ વેબીનાર યોજવામાં આવ્યો હતો.

જેમાં જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, શ્રીમતી ગાયત્રી બેન પટેલ, આરોગ્ય વિભાગ માંથી મુખ્ય જિલ્લા અધિકારી ડૉ. આર.જી. શ્રીમાળી, એપેડેમિક મેડિકલ ઓફિસર ડૉ. પી. એસ. ડામોર અને ફેઈથ ફાઉન્ડેશનના પ્રોગ્રામ ડાઈરેક્ટર શ્રી સુઝેન સેમસન દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ વેબિનારમાં પાટણ જિલ્લા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગના ૧૬૯ જેટલા આચાર્યશ્રીઓ જોડાયા હતા.

## તાળવે ચોંટ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૨૪-૨૬ ડિગ્રી સે. રેહવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૯ થી ૬૭ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૫ કિ.મી. રહેવાની શકયતાઓ આ બુલેટીનમાં દર્શાવવામાં આવી છે.

જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર વરસાદ ખેંચાતા લંબાશે તેમ મનાય છે. આમેય જિલ્લામાં ૨૦ થી ૨૫ જુલાઈ સુધી ખરીફનું વાવેતર મોટાભાગે થતુ હોય છે પણ આ સ્થિતિ લંબાશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં વરસાદ ખેંચાય તો આકસ્મિક પાક-આયોજન કરવાની કવાયત તંત્ર દ્વારા હજુ પ્રાથમિક તબક્કામાં છે. જો કે વરસાદ ઝડપથી આવશે તેવી આશા ખેડૂતો પણ વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લામાં ખરીફ સિઝનનું વાવેતર અત્યાર સુધીમાં ૩૧ હજાર હેક્ટરમાં જ થયુ છે. હવે વાવેતરની કામગીરી ધીરી પડી છે.

## ઉત્સાહનો અભાવ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અભાવ વર્તાતો હતો. ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષે માત્ર ૫૬ વિદ્યાર્થીઓને જ એ વન ગ્રેડ પ્રાપ્ત થયો હતો જયારે આ વર્ષે આ સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો જિલ્લામાંથી ૫૦૮ વિદ્યાર્થીઓએ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જેમાં શહેરની કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સે - ૨૩ સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલના કુલ ૨૪ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. જયારે કડી કેમ્પસની આર જી પટેલ સ્કુલના ૬ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. આ ઉપરાંત એમ બી પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના ૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. સે-૨૬ જયપ્રકાશ વિદ્યાલયના ૩ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. ધો -૧૦ માં એ વન ગ્રેડમાં સ્થાન મેળવનાર મોટાભાગના તેજસ્વીઓને આગળ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરીને ડોકટર તેમજ એન્જિનિયર બનવાની ખેવના વ્યકત કરી છે.

## મૃતકોને વળતર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પામેલા દર્દીઓના મૃતકોને ૪-૪ લાખ રુપિયાની સહાયની માગણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની એ દલીલને ફગાવી દીધી છે કે જેમાં કેન્દ્રએ કહ્યું હતું કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૧૨ની જોગવાઈ અનિવાર્ય નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૧૨ હેઠળ એનડીએમની જવાબદારી છે કે તે ગાઈડલાઈન્સ તૈયાર કરીને રાષ્ટ્રીય આફતની સ્થિતિમાં પીડિતોને ઓછામાં ઓછા આર્થિક સહાય કરવા માટે ભલામણ કરે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ફેસલામાં કહ્યું કે કલમ-૧૨માં શેલ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જેનો અર્થ અનિવાર્ય થાય છે. જોકે સુપ્રીમ કોર્ટે સરકારને કોઈ ચોક્કસ રકમની સહાય માટે કહ્યું નથી.

સુપ્રીમ કોર્ટે બુધવારે પોતાના ચુકાદામાં જણાવ્યું કે અમે કોવિડથી મૃત્યુના મામલે મૃતકોના પરિવારજનોને આર્થિક સહાય મામલે એનડીએમએને નિર્દેશમાં એ પણ કહ્યું છે કે કોવિડથી મૃત્યુના મામલે ડેથ સર્ટિફિકેટ જારી કરતી વખતે તેમાં મૃત્યુનું કારણ લખવું જોઈએ. કોર્ટે કહ્યું કે જો પરિયોજના સંતુષ્ટ ના હોય તો મોતનું કારણ યોગ્ય કરવા માટે તેમાં સુવિધાઓ કરવી જોઈએ. કેન્દ્ર સરકારે પોતાના સોગંદનામામાં કહ્યું છે કે કોવિડથી મૃત્યુમાં પરિવારજનોને આર્થિક સહાય કરવા માટે તેમની પાસે પૂરતી આર્થિક ક્ષમતા નથી અને કેન્દ્ર તથા રાજ્ય સરકાર આર્થિક મુશ્કેલીમાં છે. જોકે, સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલે કહ્યું હતું કે આર્થિક મુશ્કેલી એ છે કે ફંડની અછત છે પરંતુ કેસ એ છે કે ફંડનો યોગ્ય ઉપયોગ કઈ રીતે કરી શકાય. સુનાવણી દરમિયાન અરજકર્તા વકીલ એસબી ઉપાધ્યાયે કહ્યું કે ફંડની અછત દર્શાવીને બંધારણિય જવાબદારીથી ભાગવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. તેમણે કહ્યું, સરકારની તમામ સ્કીમનો અમે આદર કરીએ છીએ પરંતુ આ જોગવાઈ છે અને શું સરકારની આર્થિક મજબૂરી તેના બંધારણિય દાયિત્વના નિર્વાહથી બચાવવા માટે આધાર બની શકે છે?

સુપ્રીમ કોર્ટે દાખલ અરજીમાં જણાવ્યું હતું કે, તેના માટે યુનિફોર્મ પોલિસી હોવી જોઈએ કે જે લોકોની કોરોના વાયરસના કારણે મોત થયું છે, તેમને આર્થિક સહાય મળે. સુપ્રીમ કોર્ટે સરકારને કહ્યું હતું કે તે એ ગાઈડલાઈન્સને રજૂ કરે કે જેના હેઠળ કોવિડ મૃત્યુ બાદ ડેથ સર્ટિફિકેટ જારી કરવાની જોગવાઈ છે.

## ડ્રોન જોવા મળ્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતા. એરફોર્સ સ્ટેશન પર થયેલા હુમલા બાદથી સુરક્ષાદળો અલર્ટ છે અને આવામાં ડ્રોન જોવા મળ્યા કે તરત તેના પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ત્યારપછી બંને ડ્રોન ગાયબ થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, જમ્મુ એરફોર્સ સ્ટેશન પર થયેલા ડ્રોન હુમલાની તપાસની જવાબદારી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને સોંપી દીધી છે. મળતી માહિતી મુજબ સોમવારે મોડી રાતે લગભગ અઢી વાગે આ ડ્રોન જોવા મળ્યું. જે થોડા સમય બાદ ગાયબ થઈ ગયું. સુરક્ષાદળોએ આ ડ્રોન કૂંજવાની, સુંજવાન, કલૂચક પાસે જોયું. સેનાને મોડી રાતે આ ડ્રોન અંગે જાણકારી મળી હતી. પહેલા રત્નુચકમાં રાતે ૧.૦૮ વાગે, ત્યારબાદ કુંજવાનીમાં ૩.૦૯ વાગે અને પછી કુંજવાનીમાં સવારે ૪.૧૯ વાગે આ ડ્રોન જોવા મળ્યું હ તું. સેના તરફથી ડ્રોન પર ફાયરિંગ કરાયું નથી. હવે આ મામલે તપાસ ચાલુ છે.

## ગરમીથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સોમવારે બ્રિટિશ કોલમ્બિયાના લિટનમાં ૧૧૭.૫ ડિગ્રી તાપમાન નોંધાયુંહતુંજે કેનેડામાં નોંધાયેલું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે. જ્યારે મંગળવારે ૧૨૧ ડિગ્રી પહોંચ્યું હતું. સીએનએનના અહેવાલ પ્રમાણે વેનકુંવરમાં શનિવારે ૯૮.૬ ડિગ્રી જ્યારે રવિવારે ૯૯.૫ અને સોમવારે ૧૦૧.૫ ડિગ્રી નોંધાયું હતું.

પોલીસ સાર્જન્ટ સ્ટીવ એડિસને જણાવ્યું હતું કે, વેનકુંવરમાં અગાઉ આવું તાપમાન ક્યારેય નોંધાયું નથી, કમનસીબે ઘણા લોકો તેના કારણે મૃત્યુ પામી રહ્યા છે. વેનકુવરના કેટલાક સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે તેમણે અગાઉ ક્યારેય આવી ગરમી અનુભવી નથી.

## કંપની સમાચાર

### એમેઝોને ગુજરાતી ભાષામાં સેલર રજીસ્ટ્રેશન અને એકાઉન્ટ મેનેજમેન્ટ સર્વિસિસ લોંચ

Amazon.in માર્કેટપ્લેસ ઉપર હિન્દી, તમિળ, કન્નડ અને મરાઠી સહિતની ભારતીય ભાષાઓમાં સેલર રજીસ્ટ્રેશન દ્વારા ૧ લાખથી વધુ ભારતીય એમએસએમઈએ રજીસ્ટ્રેશન કરાવ્યું.

સ્મોલ બિઝનેસ ડેઝ ૨૦૨૧ પહેલાં એમેઝોન ઈન્ડિયાએ ગુજરાતી ભાષામાં સેલર રજીસ્ટ્રેશન અને એકાઉન્ટ મેનેજમેન્ટ સર્વિસિસ લોંચ કરવાની જાહેરાત કરી છે. આ લોંચ સાથે સેલર્સ છદ્વઠ્ઠર્ડહ્લ.હ માર્કેટપ્લેસ ઉપર ગુજરાતી ભાષામાં રજીસ્ટર કરવા તેમજ તેમના ઓનલાઈન બિઝનેસને મેનેજ કરવા માટે સક્ષમ બનશે. તેમાં પ્રથમવાર એમેઝોન સેલર તરીકે રજીસ્ટ્રેશન કરવાથી લઈને, ઓર્ડર્સ, ઈન્વેન્ટરીનું મેનેજમેન્ટ, પર્ફોર્મન્સ મેટ્રિક્સની એક્સેસ વગેરે તેમની પસંદગીની ભાષામાં સામેલ છે. આ અનુભવ એમેઝોન સેલર વેબસાઈટની સાથે સાથે મોબાઈલ એપ ઉપર પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. એમેઝોન ગુજરાતીમાં સેલર સપોર્ટ સર્વિસિસ અને સેલર યુનિવર્સિટી વિડિયોઝ અને ટ્યુટોરિયલ્સ પણ પ્રદાન કરે છે.

## પર્વ શાહ સાથે ભાગેલા મિત્રો પણ ઝડપાયા

અદાવાદના બહુચર્ચિત શિવરંજની હિટ એન્ડ રન કેસમાં શ્રમિક પરિવારને કચડનાર આરોપી યુવક પર્વ શાહ ગઈકાલે સાંજે પોલીસ સામે હાજર થયો હતો. પર્વ શાહને ટ્રાફિક પોલીસ દ્વારા આજે બપોર બાદ કોર્ટમાં રજૂ કરાશે. ત્યારે તેની સાથે ભાગી ગયેલા મિત્રોને પણ પોલીસે પકડી લીધા છે. સેટેલાઈટ પોલીસે પર્વ શાહ તથા તેના અન્ય ૩ મિત્રોને પોલીસ સ્ટેશનમાં હાજર કર્યા હતા, જે તમામ પર્વ શાહ સાથે અકસ્માત બાદ ભાગી છૂટ્યા હતા. હાલ પોલીસ આ તમામ યુવકોની પૂછપરછ કરી રહી છે.